## (1) હોપ (Hope) મિશન વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે મંગળ ગ્રહ માટેનું અવકાશ મિશન છે.

(2) આ મિશન સાઉદી અરેબિયાનું છે.

(3) આરબ દેશોનું આ પ્રથમ આંતરગ્રહીય મિશન છે.

(4) આ મિશનનું લોંચીંગ જાપાનથી કરવામાં આવશે.

(A) માત્ર (1), (2) અને (3)

(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (3) અને (4)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ 16 જુલાઈ, 2020ના રોજ યુનાઈટેડ આરબ એમીરેટ્સ (UAE)નું મંગળ પરનું અવકાશ મિશન 'હોપ' લોંચ થશે. (આથી, વિધાન (1) સાચું છે, જ્યારે વિધાન (2) ખોટું છે.)

⇛ આ મિશન આરબ દેશો માટેનું પ્રથમ આંતરગ્રહીય મિશન છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ મિશનમાં એક 'હોપ ઓર્બીટર'નો સમાવેશ થાય છે.

⇛ આ મિશનનું લોંચીંગ મિત્સુબિશી હેવી ઈન્ડસ્ટ્રીઝના રોકેટ દ્વારા જાપાનથી કરવામાં આવશે. (આથી, વધાન (4) સાચું છે.)

⇛ યુ.એ.ઈ. પાસે પોતાની રોકેટ ઈન્ડસ્ટ્રી નથી.

⇛ આ રોકેટ ફેબ્રુઆરી 2021માં મંગળ ગ્રહની પ્રદક્ષિણા કરી શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) સ્પાઈક-લોંગ રેંજ એન્ટિ-ટેંક ગાઈડેડ મિસાઈલ (ATGM) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તાજેતરમાં ભારતે ફ્રાંસ પાસેથી આ મિસાઈલની વધુ ખરીદી કરવાનો નિર્ણય કર્યો છે.

(2) આ મિસાઈલ રફાલ કંપની દ્વારા બનાવવામાં આવેલી છે.

(3) મિસાઈલની રેંજ 400 kM જેટલી છે.

(4) મિસાઈલનો ઉપયોગ લાઈન–ઓફ–સાઈટ પદ્ધતિથી રી શકાય છે.

(A) માત્ર (1), (2) અને (4)

(B) માત્ર (2)

(C) માત્ર (3) અને (4)

(D) માત્ર (1) અને (3)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ ભારત ઈઝરાયેલને સ્પાઈક–લોંગ રેંજ મિસાઈલને ખરીદી માટેનો રિપિટ ઓર્ડર આપશે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ ચીન સાથેના વર્તમાન સમયના ધવતાં જતાં તણાવના ચિત્રમાં આ નિર્ણય લેવાયો છે.

⇛ ગત વર્ષે બાલાકોટ સ્ટ્રાઈક પછી ભારતે ઈઝરાયેલ પાસેથી 250 મિસાઈલ ખરીદેલી હતી.

⇛ આ મિસાઈલની બનાવટ રફાલ એડવાન્સ ડિફેન્સ સિસ્ટમ દ્વારા કરવામાં આવી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ મિસાઈલની રેંજ 4 km સુધીની છે જે ફાયર–એન્ડ–ફરગેટ મોડ પર સક્રિય થાય છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ મિસાઈલનો ઉપયોગ નોન–લાઈન–ઓફ–સાઈટ (NLOS) પદ્ધતિથી કરી શકાય છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) મધ્યપ્રદેશ દ્વારા ચંબલ નદીની ડોલ્ફીનની વસતી વિશેનો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે. આ બાબતે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) ચંબલ નદીમાં ડોલ્ફીનની સંખ્યામાં 4 વર્ષમાં 31%નો વધારો નોંધાયો છે.

(2) વર્તમાન સમયે અહીં 68 ડોલ્ફીન છે.

(3) ચંબલ નદી અભ્યારણ્ય કુલ 3 રાજ્યોમાં વિસ્તરેલું છે.

(4) શિકાર તથા રેતી ખનનની પ્રવૃત્તિઓના કારણે હજુ ડોલ્ફીનની વસતી સમક્ષ ખતરાઓ છે.

(A) માત્ર (1), (2) અને (3)

(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (3)

(D) માત્ર (2) અને (4)

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ મધ્યપ્રદેશ વનવિભાગે ચંબલ નદીની ડોલ્ફીનની વસતી ગણતરી માટેનો રિપોર્ટ રજૂ કરેલો છે.

⇛ રિપોર્ટ મુજબ છેલ્લાં 4 વર્ષમાં ડોલ્ફીનની સંખ્યામાં 13%નો ઘટાડો નોંધાયો છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ વર્તમાન સમયે ચંબલ નદી અભ્યારણ્યમાં માત્ર 68 ડોલ્ફીન જ રહી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ નદી અભ્યારણ્ય 435 km લાંબું છે અને 3 રાજ્યો (મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને રાજસ્થાન)માં ફેલાયેલું છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ચંબલ નદીમાં ગંગા નદી ડોલ્ફીન પ્રજાતિ મુખ્ય આકર્ષણ છે.

⇛ આ ડોલ્ફીનની વસતી સમક્ષના ખતરાઓ : અનુચિત વસાહત, શિકાર, ગેરકાયદેસર રેતીનું ખનન, નદીમાંથી પાણીનો વપરાશ વગેરે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) ‘વર્લ્ડ યુથ સ્કીલ્સ ડે’ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ દિવસ 15 જુલાઈના રોજ ઊજવવામાં આવે છે.
(2) આ દિવસ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન દ્વારા નક્કી કરવામાં આવેલો છે.
(3) વર્ષ 2020 માટે આ દિવસની થીમ 'Digital Skilling, Home Skilling' છે.
(4) આ દિવસ ઊજવવામાનો હેતુ વધુ સારી સામાજિક આર્થિક પરિસ્થિતિ મેળવવાનો છે.

(A) માત્ર (1) અને (4)
(B) (2) અને (3)
(C) માત્ર (1), (2) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ 15 જુલાઈએ ‘વર્લ્ડ યુથ સ્કીલ્સ ડે’ ઊજવવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ દિવસ 2014માં સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભા દ્વારા નક્કી કરવામાં આવ્યો હતો. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ દિવસ ઊજવવાનો હેતુ : બેરોજગારી તથા અર્ધ–રોજગારી (Under-empolyment) જેવા પડકારો સમક્ષ આજના યુવાનો વધુ સારી સામાજિક–આર્થિક પરિસ્થિતિ મેળવી શકે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ વર્ષ 2020 માટે આ દિવસની થીમ : 'Skills for a Resilient Youth' છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ ભારતમાં આ દિવસે સ્કીલ ઈન્ડિયા મિશન લોંચ કરવામાં આવ્યું હતું તથા વર્ષ 2020માં આ મિશનની 5મી વર્ષગાંઠ પણ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) તાત્યા તોપે વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તેમનું પૂરુંનામ રામચંદ્ર પાંડુરંગ તોપે હતું.
(2) તેઓ નાના સાહીબના ખાસ મિત્ર હતાં.
(3) તેમણે રાણી લક્ષ્મીબાઈને ગ્વાલીયર પર ચઢાઈ કરવામાં મદદ કરેલી હતી.
(4) 1857ના બળવામાં પકડાયા બાદ તેમને બર્માનો દેશવટો આપવામાં આવ્યો હતો.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (1) અને (3)
(C) માત્ર (3)
(D) માત્ર (1) અને (4)

⇒ **જવાબ :- A**

**સમજૂતી :**

⇒ મહારાષ્ટ્ર સરકાર નાસીક જિલ્લામાં તાત્યા તોપે માટે એક રાષ્ટ્રીય સ્મારક બનાવી રહી છે.

⇒ તાત્યા ટોપેનું પૂરુંનામ રામચંદ્ર પાંડુરંગ તોપે હતું. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇒ તેમનો જન્મ **1814**માં નાસીકમાં થયો હતો.

⇒ તેઓ નાના સાહીબ (પેશ્વાના દત્તકપુત્ર)ના ખાસ મિત્ર હતાં. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇒ મે, **1857**માં તેમણે કાનપુરમાં ઈસ્ટ ઈન્ડિયા કંપની સમક્ષ એક લડાઈ જીતી હતી.

⇒ તેમણે રાણી લક્ષ્મીબાઈને ગ્વાલીયર પર ચઢાઈ કરવામાં મદદ કરેલી હતી. (આથી, વિધાન **(3)** સાચું છે.)

⇒ તાત્યા તોપે ડિસેમ્બર, **1857**માં સર કોલીન કેમ્પ્બેલ સમક્ષ હાર્યા હતાં. ત્યારબાદ તેમને શિવપૂરીમાં ફાંસી આપવામાં આવી હતી. (આની વિધાન **(4)** ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

**Facebook**

*like* | *comment* | *share*

ICE RAJKOT

twitter

ICE RAJKOT